વિધાનસભાનું બે દિવસીય સત્ર ૨૭મી સપ્ટેમ્બરથી

બે દિવસ માટે યોજાનાર આ સત્રમાં ચાર સરકારી વિધેયકો અને 'આઝાદી કા અમૃત મહોત્સવ'નો સંકલ્પ લવાશે

ગાંધીનગર, તા. ૨૫

સંસદીય રાજય મંત્રી પ્રદિપસિહ જાડેજાએ જણાવ્યુ છે કે ગુજરાત વિધાનસભાનું આગામી સત્ર તા. ૨૭ મી સપ્ટેમ્બરથી શરૂ થશે. બે દિવસ યોજાનારા આ સત્રમા શોકદર્શક ઉલ્લેખો, રાજય સરકારે કરેલી જનહિત લક્ષી કામગીરી સહિત ચાર સરકારી વિધેયકો લવાશે.

મંત્રી જાડેજાએ ઉમેર્યુ કે આજે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષે મળેલ રાજય મંત્રીમંડળની બેઠકમા રાજયપાલશ્રીને તે અનુસાર ભલામણ કરવાનો નિર્ણય લેવાયો છે. આ સત્રના પ્રારંભે ગુજરાત વિધાનસભાના ૧૮ જેટલાં દિવંગત પૂર્વ મંત્રીઓ અને સભ્યોના શોકદર્શક ઉલ્લેખો મુખ્યમંત્રી દ્વારા રજૂ કરવામાં આવશે. આ ઉપરાંત સત્ર દરમ્યાન સરકારી કામકાજ હાથ ધરવામાં આવશે જેમાં મુખ્યત્વે ૪ સરકારી વિધેયકો હાથ ધરાશે.

મંત્રી જાડેજાએ વિધાનસભા ખાતે હાથ ધરાનારા સરકારી વિધેયકોની વિગતો આપતાં કહ્યુ કે મેડીકલ કોલેજોમાં એન.આર.આઈ. માટે પ્રવેશ બાબતે ગુજરાત પ્રોફેશનલ મેડીકલ એજ્યુકેશન કોલેજીસ એન્ડ ઈન્સ્ટીટ્યુશન્સને લગતા કાયદામાં સુધારો સુચવતું વિધેયક રજુ કરવામાં આવશે તેમજ ગૂડ્સ એન્ડ સર્વિસ ટેક્સ કાઉન્સિલની ભલામણો મુજબ હાલના કાયદામાં સુધારો સુચવતું સુધારા વિધેયક પણ રજુ કરવામાં આવશે.

કોન ચિત્રકાર હૈ... - વાદળોની અવરજવર વચ્ચે વાતાવરણ આહલાદક લાગી રહ્યુ છે. આકાશમાં જાણે અવનવા રંગો પૂરાતા હોય તેવી ભાત સર્જાય છે. વરસાદની સૌ કોઈ રાહ જોઈ રહ્યા છે ત્યારે આવુ અદ્‌ભૂત આકાશ મનને મોહી લે છે. કુશળ કલાકારે ભારે જહેમતથી કોઈ ચિત્ર બનાવ્યુ હોય તેવા દૃશ્યો આકાશમાં સર્જાય છે. દરરોજ નીતનવા દૃશ્યો જોવાનો અને કુદરતની કળાને નીહાળવાનો રોમાંચ જ કંઈક અલગ છે.

સરગાસણમાં કોરોનાનો એક કેસ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરમાં વધુ એક કેસ કોરોનાનો મળી આવ્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એક પણ કેસ નોંધાયો નથી.

ગાંધીનગર શહેરમાં છેલ્લા એક સપ્તાહમાં આ ત્રીજો કેસ નોંધાતા તંત્ર સતર્ક બની ગયુ છે. શહેરમાં સઘન સર્વેલન્સ ઉપરાંત સોશ્યલ ડિસ્ટન્સીંગ તેમજ ફરજીયાત માસ્કના નિયમની અમલવારી અસરકારક રીતે થાય તે માટેની સૂચનાઓ તંત્રએ જારી કરી છે.

શહેરમાં સમાવિષ્ટ સરગાસણ ગામેથી ૪૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ સાથે શહેરમાં હાલ ૩ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

શહેરમાં જે ૩ કેસ નોંધાયા છે તેમાં બે પુરૂષ દર્દી અને એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલ મહિલા દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આગામી ગુરૂવારથી ધો-૬ થી ૮ નું વર્ગખંડ શિક્ષણ

સરકારી અને ખાનગી-સ્વનિર્ભર મળી રાજ્યભરની ૩૦ હજારથી વધુ શાળાના ૩૨ લાખ જેટલા વિદ્યાર્થીઓનું શિક્ષણ કાર્ય શરૂ થશે

ગાંધીનગર, તા. ૨૫

રાજયની શાળાઓમાં ધોરણ-૬ થી ૮ ના વર્ગોમાં આગામી તા. ૨ સપ્ટેમ્બર-૨૦૨૧ ગુરૂવારથી વર્ગખંડ શિક્ષણકાર્ય-ભૌતિકરૂપે શરૂ કરવામાં આવશે તેમ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી રાજય મંત્રીમંડળની બેઠકમાં આ સંદર્ભમાં વિશદ ચર્ચા-વિચારણા કરીને રાજય સરકારે ધો-૬ થી ૮ના વર્ગખંડો શરૂ કરવાનો નિર્ણય કર્યો છે તેમ શિક્ષણ મંત્રીએ ઉમેર્યુ હતું.

શિક્ષણમંત્રીએ આ અંગેની વધુ વિગતો આપતાં કહ્યું કે વિદ્યાર્થીઓનું ભાવિ બગડે નહિ સાથોસાથ કોઈ વિદ્યાર્થી કોરોનાથી સંક્રમિત પણ ન થાય તેની સંપૂર્ણ તકેદારી સાથે રાજય સરકારે વર્ગખંડ શિક્ષણ પૂનઃ શરૂ કરવાનો નિર્ણયો કર્યો છે.

ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું કે રાજય સરકારની અસરકારક કામગીરીને પરિણામે હવે રાજ્યભરમાં કોરોના કેસોનું પ્રમાણ ઉત્તરોત્તર ઘટી રહ્યું છે તેને ધ્યાનમાં લઈને ધો-૬ થી ૮ ના વર્ગખંડોમાં શિક્ષણકાર્ય શરૂ કરવાનું રાજય મંત્રીમંડળે નક્કી કર્યુ છે.

શિક્ષણમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે ધોરણ-૬ થી ૮ ના આ વર્ગો વિદ્યાર્થીની સંખ્યાના ૫૦ ટકા ક્ષમતા સાથે ફરી શરૂ કરાશે. એટલું જ નહિ, શાળા વર્ગોમાં

● અનુસંધાન પાન-૭ પર

...પરંતુ વિદ્યાર્થીઓ આવશે!!!

ધો - ૯ થી ૧૨ માં હજુ માંડ ૫૦ ટકા હાજરી પણ થતી નથી : ઓનલાઇન શિક્ષણનો વિકલ્પ ખુલ્લો હોવાની સાથે સ્કુલ ડ્રેસ, સ્કુલ વર્ધી અને હોસ્ટેલ ખર્ચ સહીતની બાબતો પણ જવાબદાર : કોરોનાની સંભવિત ત્રીજી લહેરના ખતરાને ટાળવા માટે પણ વાલીઓ વિદ્યાર્થીઓને શાળાએ મોકલતા નથી

ગાંધીનગર તા ૨૫

કોરોના કાળમાં છેલ્લા દોઢ વર્ષથી શિક્ષણ કાર્ય ઓનલાઈન ચાલી રહ્યુ છે. જો કે છેલ્લા કેટલાક સમયથી તબક્કાવાર પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય માટે શાળાઓમાં વર્ગો શરૂ કરી દેવાયા છે. પરંતુ પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય શરૂ થયા બાદ પણ વાલીઓ હજુ વિદ્યાર્થીઓને શાળાએ મોકલવા માટે ઉત્સુક જણાતા નથી. ધો - ૯ થી ૧૨ માં પણ હજુ વિદ્યાર્થીઓની ૫૦ ટકા હાજરી પણ જોવા મળતી નથી ત્યારે ધો -૬ થી ૮ ના વર્ગો શરૂ કરવાની જાહેરાત કરી દેવામાં આવી છે પરંતુ કોરોનાની સંભવિત ત્રીજી લહેરનો ખતરો હજુ ટળ્યો નથી ત્યારે વાલીઓ પણ વિદ્યાર્થીઓને શાળાએ મોકલવામાં હજુ નિરસતા સેવી રહ્યા છે.

કોરોના કાળમાં છેલ્લા દોઢ વર્ષથી શિક્ષણ કામગીરી ઓનલાઈન થઈ ગઈ છે. શાળાઓમાં વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ શિક્ષણ આપવાનુ શક્ય ન હોવાથી ઓનલાઈન શિક્ષણ પધ્ધતિથી કામ ચલાવાતુ હતુ. કોરોના કાળમાં વિદ્યાર્થીઓને

● અનુસંધાન પાન-૭ પર

અણસાર : મુખ્ય સચિવ અનિલ મુકીમને વધુ એક્સટેન્શન નહિ

રાજ્યના નવા મુખ્યસચિવ તરીકે પંકજકુમાર કે રાજીવ ગુપ્તાની સંભાવના : હાલના વહીવટી વડા અનિલ મુકિમના એક્સટેન્શનનો સમય ૩૧મી ઓગષ્ટે પૂર્ણ થાય છે, જો કે અંતિમ નિર્ણય કેન્દ્રમાંથી લેવાશે

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતના નવા મુખ્ય સચિવ તરીકે હાલ બે નામો ચાલી રહ્યાં છે જે પૈકી હાલના ગૃહ વિભાગના અધિક મુખ્યસચિવ પંકજકુમાર અને ઉદ્યોગ વિભાગના અધિક મુખ્યસચિવ ડો. રાજીવ કુમાર ગુપ્તાનો સમાવેશ થાય છે. ૧૯૮૬ની બેચના આ બન્ને અધિકારીની ચર્ચા આજે સચિવાલયમાં ચાલી હતી. આ જ બેચના અન્ય એક અધિકારી વિપુલ મિત્રા છે પરંતુ તેમની શક્યતા નહીંવત જણાય છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં યોજાયેલી કેબિનેટની બેઠકમાં હાલના મુખ્યસચિવ અનિલ મુકિમે કેબિનેટના સભ્યો તેમજ રાજ્યના અધિકારીઓનો આભાર માન્યો હતો. તેમના કાર્યકાળની આ અંતિમ કેબિનેટ હતી. ૩૧મી ઓગષ્ટે તેઓ નિવૃત્ત થઈ રહ્યાં છે. મુકિમ માટે કહેવાય છે કે ગુજરાતમાં સૌથી વધુ બે વખત એટલે કે એક વર્ષનું એક્સટેન્શન માત્ર તેમને જ મળ્યું છે. કેબિનેટમાં તેમણે કહ્યું હતું કે સરકારી નોકરીમાં આ મારૂં છેલ્લુ સપ્તાહ છે.

અનિલ મુકીમ કે જેઓનું પૈતૃક વતન રાજસ્થાન છે પરંતુ તેઓની જન્મ અને કર્મભૂમિ અમદાવાદ રહી છે. તદુપરાંત તેઓ દોઢ વર્ષ સુધી અમદાવાદના મ્યુનિસિપલ કમિશનર પદે પણ રહી ચૂક્યાં છે. ઓક્ટોબર ૨૦૦૧થી જાન્યુઆરી ૨૦૦૫ સુધીના સાડા ત્રણ વર્ષ જેટલા લાંબા ગાળા સુધી મુકીમ તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના અગ્ર સચિવ તરીકે રહી ચૂક્યાં છે.

એ સમયગાળા દરમિયાન ગુજરાતના

● અનુસંધાન પાન-૭ પર

મનપાના ઢોર ડબ્બામાં સુવિધાઓને લઈ સંયુક્ત તપાસ સમિતિ રચો : કલેક્ટર

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પકડવામાં આવતા પશુઓને રાખવામાં

આવતા ઢોર ડબ્બા ખાતે એક સંયુક્ત તપાસ ટીમની રચના કરી અને તપાસ કરવાના જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ આદેશ કર્યા છે.

પશુ અત્યાચાર નિવારણ સોસાયટીની આજે મળેલ બેઠકમાં ઢોર ડબ્બા ખાતે પશુઓના રહેણાંક, ખોરાક-પાણી બાબતનો ચર્ચામાં આવ્યો હતો. આ મુદ્દે ચર્ચાને અંતે જિલ્લા કલેક્ટરે આ બાબતે સંયુક્ત તપાસ ટીમની રચના કરી વખતો વખત મુલાકાત લઈ જરૂરી કાર્યવાહી કરવા માટેની સૂચનાઓ આપી હતી.

આજની આ બેઠકમાં પ્રાણી કલ્યાણ બોર્ડના સભ્ય પંકજભાઈ બુચ દ્વારા શહેરી વિસ્તારમાં પશુઓ પકડતી વખતે માનવીય અભિગમ રાખવા તથા ક્રુરતા નિવારણ કરવા બાબતે જરૂરી કાર્યવાહી કરવા રજુઆત કરતાં કલેક્ટરે પ્રાણી અત્યાચાર નિવારણ અધિનિયમ અંતર્ગત કાર્યવાહી કરવા પણ મનપાના હાજર અધિકારીને જણાવ્યુ હતુ.

આજરોજ કલેક્ટર કચેરી, ગાંધીનગર ખાતે કલેક્ટર, ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષસ્થાને ગાંધીનગર જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટીની બેઠક મળેલ હતી. જેમાં જિલ્લા વિકાસ અધિકારી, સુરભિ ગૌતમ (આઈએએસ) તથા સરકારશ્રીના નોટીફીકેશન મુજબના હોદ્દાની રૂએ આવતા અધિકારીઓ અને જીવદયા પશુ કલ્યાણ, ગૌશાળા, પાંજરાપોળ સાથે સંકળાયેલ વ્યક્તિઓ હાજર રહેલ હતા. ડૉ. એસ.આઈ. પટેલ, જિલ્લા પશુપાલન અધિકારી, જિલ્લા પંચાયત, ગાંધીનગર વ ઓનરરી સેક્રેટરી દ્વારા શબ્દોથી તમામ સભ્યોને આવકારી સોસાયટીનો પરિચય અને કામગીરીની માહિતી આપેલ હતી.

કલેક્ટર ડૉ. કુલદીપ આર્ય તથા જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌતમ દ્વારા કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ સેવા ૧૯૬૨ અને ૧૦ ગામ દીઠ એક મોબાઈલ વાન યોજનાની રીવ્યુ

● અનુસંધાન પાન-૭ પર

ગુડાના ૨૧૦૦ આવાસો સંદર્ભે દિવાળી પુર્વે ડ્રોની પ્રક્રીયા પુર્ણ કરાશે

ગુડાની આવાસ યોજના માટે અંદાજિત ૪૮૦૦ ફોર્મ ભરાયા

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વાવોલ , પેથાપુર અને સરગાસણમાં ૨૧૦૦ જેટલા આવાસોનુ નિર્માણ કરવાની યોજનાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે આ આવાસ યોજના અન્વયે અત્યાર સુધીમાં અંદાજિત ૪૮૦૦ જેટલા ફોર્મનુ વિતરણ ભરાયા છે. આગામી દિવસોમાં આ ફોર્મની જીણવટભરી ચકાસણી કરાશે જયારે આગામી દિવાળી પુર્વે આવાસ માટે ડ્રોની પ્રક્રીયા હાથ ધરાશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા નવા આવાસો બાંધવાની યોજના અન્વયે કામ શરૂ કરી દેવાયુ છે. ગુડા દ્વારા પેથાપુર, વાવોલ અને સરગાસણમાં નવા આવાસો તૈયાર કરવામાં આવી રહ્યા છે. જયારે આ આવાસો અન્વયે ફોર્મ વિતરણ કરવાની મુદત પણ ગુડા દ્વારા વધારવામાં આવી હતી. કોરોનાની બીજી લહેરના લીધે ફોર્મ વિતરણનો સમયગાળો લંબાવાયો હતો ગુડા દ્વારા આ વિવિધ ત્રણ ઠેકાણે ૨૧૦૦ જેટલા આવાસો બાંધવામાં આવી રહ્યા છે. જયારે આ ગુડાના આવાસો અન્વયે અત્યાર સુધી અંદાજિત ૪૮૦૦ જેટલા ફોર્મ ભરાયા છે. આગામી દિવસોમાં ગુડા દ્વારા આ ફોર્મની જીણવટ પુર્વક તપાસ કરાશે. જયારે દિવાળી પુર્વે આ નવા આવાસો અન્વયે ડ્રો કરી લાભાર્થીઓને ફાળવણી કરાશે. જેના અંતે આગામી બે વર્ષમાં લાભાર્થીઓને નવા આવાસોનો કબજો પણ મળી જશે. ગુડા દ્વારા અગાઉ રાયસણ , અડાલજ , ચિલોડા અને સરગાસણ તેમજ કુડાસણમાં નવા આવાસો બાંધવામાં

● અનુસંધાન પાન-૭ પર

૧૫મા નાણાંપંચની જિલ્લાકક્ષાની ગ્રાન્ટના વપરાશ માટે વિકાસ યોજના તૈયાર કરવા સમિતિ રચાશે

ગાંધીનગર, તા. ૨૫

૧૫મા નાણાંપંચ અંતર્ગત હવે જિલ્લા કક્ષાએ પણ વાર્ષિક વિકાસ યોજના તૈયાર કરવા માટે પંચાયત પ્રમુખના અધ્યક્ષપદે એક સમિતિની રચના કરવામાં આવશે.

આ અંગે રાજય સરકારે જરૂરી હુકમો જારી કરી દીધા છે. પંચાયતી રાજ સંસ્થાના આવકના સાધનો સઘન બનાવવા, વ્યાપક ભાગીદારી તેમજ સંશાધનોનો મહત્તમ ઉપયોગ, મહત્તમ વિકાસલક્ષી લાભો સાથે જિલ્લાની વાર્ષિક વિકાસ યોજના આ સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવશે અને તેનુ અમલીકરણ ૧૫મા નાણાંપંચની ગ્રાન્ટમાંથી કરવામાં આવશે.

જિલ્લા પંચાયત પ્રમુખના અધ્યક્ષપદે રચાનારી આ સમિતિમાં ૧૪ જેટલા સભ્યો રહેશે.

૧૫મા નાણાંપંચમાં જે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તેમાં જિલ્લાને પણ જિલ્લાકક્ષાના કામો હાથ ધરવા માટે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

૧૫મા નાણાંપંચની ભલામણ અંતર્ગત જિલ્લાને ૧૦ ટકા રકમ, તાલુકાને ૨૦ ટકા તેમજ ગ્રામ પંચાયતને ૭૦ ટકા રકમ ફાળવવામાં આવે છે.

ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધીમાં જિલ્લાકક્ષાના કામો હાથ ધરવા માટે અત્યાર સુધીમાં ૬.૮૦ કરોડની ફાળવણી જિલ્લા પંચાયતને થયેલી છે જે નોંધનીય છે.

મળતી વિગતો પ્રમાણે ૨૦-૨૧માં કોરોનાની મહામારીને પગલે ૧૫મા નાણાંપંચની ગ્રાન્ટમાંથી વિકાસ કામો શરૂ થઈ શક્યા ન હતા અને ૨૧-૨૨માં પ્રથમ હપ્તા પેટે જિલ્લાને રૂ. ૮ કરોડની ગ્રાન્ટ અત્યાર સુધી ફાળવવામાં આવી છે.

જિલ્લામાં હવે સંતુલિત વિકાસ થાય તે આ સમિતિ રચવા પાછળનો હેતુ હોવાનું પંચાયત વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે તેમજ દરેક તાલુકાને પણ આનો સીધો લાભ મળશે તેમ આ સૂત્રોએ જણાવ્યુ છે.

ધોરણ-૧૦ રિપીટર્સનું માત્ર ૧૦.૪ ટકા પરિણામ

૨ લાખ ૯૮ હજાર ૮૧૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી માત્ર ૩૦,૦૧૨ વિદ્યાર્થીઓ પાસ થયા છે

ગાંધીનગર,તા.૨૫

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધો.૧૦ના ૩.૫ લાખથી વધુ રીપિટર-ખાનગી વિદ્યાર્થીઓનું પરિણામ જાહેર થઇ ગયુ છે. આ પરિણામ બોર્ડની વેબસાઈટ પર સવારે ૮ વાગે ઓનલાઈન જાહેર કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ પરિણામ બોર્ડની વેબસાઇટ ૉિજે૬ં.ફ્રજીહ્વ.ૈંિ પર જઇને તપાસી શકે છે. આ વખતે ધોરણ ૧૦નાં રિપિટર વિદ્યાર્થીઓનું પરિણામ ૧૦.૪% આવ્યું છે. ગુજરાતમાં ધોરણ ૧૦ના રીપીટર વિદ્યાર્થીઓનું પરિણામ આજે જાહેર થયું છે. ૨ લાખ ૯૮ હજાર ૮૧૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી માત્ર ૩૦,૦૧૨ વિદ્યાર્થીઓ પાસ થયા છે. એટલે આખા રાજયનું માત્ર ૧૦.૪% પરિણામ આવ્યું છે. ૨૦% પાર્સિંગ ધોરણનો લાભ મેળવી ૧૯૧ પરીક્ષાર્થી પાસ થયા છે. પરિણામમાં વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થિનીઓ આગળ રહી છે. ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ગત ૧૫ જુલાથી ૨૮ જુલાઈ દરમિયાન લેવાયેલી ધો.૧૦-૧૨ની રીપિટર-ખાનગી વિદ્યાર્થીઓની પરીક્ષાઓમાં ૧૨ સાયન્સ અને ૧૨ સા.પ્ર.ના પરિણામ બાદ હવે આજે ૨૫મીએ ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦નું પરિણામ જાહેર થવાનું છે. કોરોનાને કારણે આ વર્ષે ધો.૧૦માં અત્યાર સુધીના હાઈએસ્ટ રીપિટર-ખાનગી વિદ્યાર્થી પરીક્ષા માટે નોંધાયા હતા. ખાનગી રીપિટર તરીકે ૧૫૦૯૦ વિદ્યાર્થીઓ છે, આઈસોલેટેડ કેટેગરીમાં ૫૨૦૯૦ અને બાકીના ૩ લાખથી વધુ વિદ્યાર્થીઓ રીપિટર છે.કુલ ૩,૭૮,૪૩૧ વિદ્યાર્થીઓ પરીક્ષા માટે નોંધાયા હતા.આ પરીક્ષાનું પરિણામ ખૂબ જ મહત્વનું છે કારણ કે, ધો.૧૦ પછીના ડિપ્લોમા,આઈટીઆઈ અને ધો.૧૧માં આ પરિણામ બાદ પ્રવેશમાં વધારો થશે. વિદ્યાર્થીઓનું પરિણામ બોર્ડની વેબસાઈટ ૉિજે૬ં.ફ્રજીહ્વ.ૈંિ પર જાહેર કરવામાં આવશે. વિદ્યાર્થી તેઓનું પરિણામ પરીક્ષાનો સિટ નંબર(બેઠક ક્રમાંક) ભરીને જોઈ શકાશે. પરિણામ બાદના ગુણપત્રક/પ્રમાણપત્ર/એસઆર શાળાવાર મોકલવાની જાણ બોર્ડ દ્વારા અલગથી કરવામાં આવશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · KisaN · ashirvad · Jaguar · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જિન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com